CCPS CENTER FOR CHEMICAL PROCESS SAFETY
An AIChE Industry Technology Alliance

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

Sponsored by CCPS Supporters

# અમે ઉંચે ઊડાવ્યું !!!

ઓક્ટોબર - ૨૦૦૭






## શું થયું હતું ?

એક પ્લાન્ટમાં ટેન્ક સાથે જોડાયેલી પાઇપમાં ન્યુમેટીક દબાણ ટેસ્ટ કરી રહ્યા હતા. જે પાઇપમાં ટેસ્ટીંગ થઇ રહયુ હતું , તે પાઇપ અને ટેન્ક વચ્ચે કોઇ બ્લાઇન્ડ ફલેન્જ મૂકવામાં આવી ન હતી. બ્લોક વાલ્વને બંધ કરીને ટેન્કને દબાણવાળી પાઇપથી અલગ કરવામાં આવી હતી. બ્લોક વાલ્વ લીક થઇ ગયો જેમાંથી ન્યુમેટીક ટેસ્ટ માટે અપાયેલું દબાણ, લીક થઇને ટાંકીમાં પ્રવેશ્યું. ટેન્કમાં દબાણ ખુબ વધી ગયું (કારણકે તે ટેન્કમાં પ્રેસર ડીવાઇસ સ્થાપીત કરવામાં આવેલી ન હતી અથવા તો પ્રેસર રીલીફ ડીવાઇસ ખૂબ નાની હતી) જેથી ટાંકી તળીયાથી છૂટી થઇ ગઇ. ટેન્ક હવામાં ઊંચે ફંગોળાઇ અને પ્લાન્ટની અગાસીમાં પહોંચી ગઇ.

## તમે શું કરી શકો ?

➢પ્રેસર ટેસ્ટીંગ અથવા તો બીજી મરમ્મત અથવા દરરોજ ન કરવામાં આવતી હોય તેવી દબાણ ઉદભવ કરે તેવી પ્રવૃતિ વખતે ખાત્રી કરો કે બધાજ ઇકવીપમેન્ટ, ટેસ્ટ પ્રેસરને ખમી શકે તેમ છે તથા પ્રેસરના ઉદભવસ્થાનથી હકારાત્મક રીતે અલગ કરવામાં આવેલ છે અથવા તો ટેસ્ટ ની સ્થિતિ ને અનુકુળ દબાણ દૂર કરનાર ડીવાઇસ મુકવામાં આવેલ છે.

➢ઇકવીપમેન્ટને દબાણથી અલગ કરવા વાલ્વ વાપરવાને બદલે બ્લાઇન્ડ મુકીને અથવા તો પાઇપને ખરેખર અલગ કરીને સાધનોને વધારે દબાણથી આધારભૂત રીતે બચાવી શકાય છે.

➢રોજીંદી પ્રવૃતિ સિવાયની પ્રવૃતિ ચાલુ કરતાં પહેલા પ્રવૃતિની સુરક્ષા સમીક્ષા કરી, સંભવિત જોખમો તથા પ્રવૃતિ દરમિયાન સુરક્ષા ની જાળવણી માટે પગલાંની જાણકારી મેળવો.

➢કામદારોને પ્રેસર ટેસ્ટીગ ઓપરેશન થઇ રહ્યુ હોય તે જગ્યાથી દૂર રાખો.

➢પ્રેસર ટેસ્ટ ન્યુમેટીક(ગેસ) દબાણથી કરવાને બદલે પ્રવાહી દબાણ (હાઇડ્રોસ્ટેટીક પ્રેસર) થી કરો. ગેસના અધિક દબાણ કરતાં પ્રવાહીના અધિક દબાણથી છુટતી ઊર્જા ઘણી ઓછી હોય છે.

**ઇકવીપમેન્ટને દબાણથી અલગ કરો – રોકેટ ઉડાડવાનું તો સ્પેસ પ્રોગ્રામ માટે બાકી રાખો !**

AIChE © 2007. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319

**The Beacon is usually available in Chinese, Danish, Dutch, English, French, German, Gujarati, Hebrew, Hindi, Hungarian, Italian, Japanese, Korean, Malay, Persian, Portuguese, Russian, Spanish, Swedish, and Thai.**